# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-02-2025** **Day : Thursday** **Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – ગુજરાત મુલાકાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુજરાતનાં ચાર દિવસના પ્રવાસે આવી પહોંચ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોએ વડોદરા એરપોર્ટ ખાતે રાષ્ટ્રપતિનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિએ તેમના પ્રવાસનો પ્રારંભ કેવડીયાથી કર્યો છે. રાષ્ટ્રપતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલી પ્રતિમાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી નર્મદા ઘાટ ખાતે નર્મદા આરતીમાં સહભાગી થયા હતા.

રાષ્ટ્રપતિ આજે સવારે એકતાનગર ખાતેના આરોગ્યવન, મિયાવાકી ફોરેસ્ટ, જંગલ સફારી પાર્ક, સરદાર સરોવર ડેમ, અને એકતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત કરશે. અને તાલીમાર્થીઓ સાથે સંવાદ કરશે. ત્યારબાદ તેઓ અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં રાષ્ટ્રપતિ વિદ્યાર્થીઓને સંબોધન કરશે. આ વર્ષે 430 વિદ્યાર્થીઓને ડિઝાઇનની વિવિધ શાખાઓમાં પદવી એનાયત કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ – કચ્છ મુલાકાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલે ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ સફેદ રણની ટેન્ટ સિટીમાં રાત્રિ રોકાણ કરશે. જ્યારે એક માર્ચે રાષ્ટ્રપતિ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે. તેઓ સફેદ રણથી ધોળાવીરા જતા રોડ ટુ હેવન તરીકે જાણીતા માર્ગને પણ નિહાળશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રથમવાર કચ્છના પ્રવાસે આવી રહ્યા છે, ત્યારે તેમના આગમન માટે તંત્રના જુદા જુદા વિભાગો દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શનમાં પ્રવાસની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે.

દરમિયાન રાષ્ટ્રપતિ વૈશ્વિક ધરોહર સાઇટ ધોળાવીરાની પણ મુલાકાત લેશે. આ અન્વયે ધોળાવીરા સાઈટ આજે તથા આવતીકાલે અને ૧ માર્ચના ત્રણ દિવસ મુલાકાતીઓ તથા પ્રવાસીઓ માટે બંધ રહેશે તેમ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગની રાજકોટ વર્તુળ કચેરી દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## મહાકુંભ સમાપન

પ્રયાગરાજમાં યોજાઈ રહેલા વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનું ગઈકાલે મહાશિવરાત્રીના દિવસે સમાપન થયું. 45 દિવસ ચાલેલા આ આ આધ્યાત્મિક મહાકુંભમાં 66 કરોડથી વધુ ભકતોએ પવિત્ર સ્નાન કર્યું. આ મહાકુંભ અનેક અગ્રણી હસ્તીઓએ સંગમમાં પવિત્ર ડુબકી લગાવી. ડૂબકી લગાવ્યા બાદ ભકતોએ શહેરના શિવ મંદિરોની મુલાકાત લીધી હતી. ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભકતો, સંતો અને કલ્પવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યુ કે, ભકતોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવીને સમગ્ર વિશ્વને રાષ્રીયોય એકતા અને રાષ્ઠ્રવાદ પ્રત્યે સમર્પણનો સંદેશ આપ્યો છે.

---------------------------------------------------------------------------------

## ધોરણ 10-12 બોર્ડ પરીક્ષા

રાજ્યમાં આજથી ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. રાજ્યમાં કુલ 14 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેમાં એસ.એસ.સી.ના 9 લાખથી વધુ, એચ.એસ.સી.ના 4 લાખથી વધુ અને એચ.એસ.સી. સાયન્સ પ્રવાહના 1 લાખથી વધુ વિધાર્થીઓ સામેલ છે.

દરમિયાન કચ્છમાં એસ.એસ.સી.માં જિલ્લાના 26 હજાર 63 વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે, જ્યારે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં 13 હજાર 557 વિદ્યાર્થી, જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 1 હજાર 402 વિદ્યાર્થી પરીક્ષા આપશે.

---

## મહાશિવરાત્રિ પર્વ - કચ્છ

મહાશિવરાત્રિના પાવન પર્વે કચ્છ ભરમાં ઉજવણી કરવામાં આવી હતી. ભુજમાં ભવ્ય ઉજવણી દરમિયાન સમસ્ત સનાતન હિન્દૂ સમાજ દ્વારા ભુજ શહેરમાં વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં 20થી વધુ શુશોભિત કૃતિઓ સામેલ કરવામાં આવી હતી.

ભુજ તાલુકા આહિર પટીના ધ્રંગ ખાતે શિવરાત્રી નિમિતે પરંપરાગત મેળો ભરાયો હતા. કચ્છમાંથી ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. રાસ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાત્રે દરેક શિવમંદિરોમાં ચાર પ્રહરની પુજા ભક્તો દ્વારા કરવામાં આવી હતી.

---

## હવામાન

મહાશિવરાત્રિની ગુલાબી ઠંડીની ચમકના બદલે ગરમી અને ઉકળાટથી લોકો અકળાવ્યાં હતા. મહત્તમ પારો સામાન્યથી પાંચ ડિગ્રી ઊંચો નોંધાતા ખાસ કરીને બપોરના સમયે ગરમીની અનુભૂતિ વધુ પ્રમાણમાં થઈ હતી.

હવામાન વિભાગે હજુ બે દિવસ ગરમી-ઉકળાટનો પ્રભાવ યથાવત રહેવાની આગાહી કરી છે. ગઈકાલે ભુજમાં પારો ઊંચકાઈને 37.4 ડિગ્રીએ પહોંચ્યો, તો નલિયા અને કંડલા એરપોર્ટમાં 36 ડિગ્રી તાપમાન નોંધાતા ફેબ્રુઆરીમાં જ ગરમી-ઉકળાટનો મિજાજ થોડો આકરો જોવા મળ્યો હતો.

---